પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૩ | ૧૫ નવેમ્બર, ૨૦૨૧, સોમવાર; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમરાવતીમાં હિંસક તોફાનો : ૪ દિવસનો કર્ફ્યુ

## બબાલ બાદ અમરાવતીમાં તણાવ : અમરાવતી સીઆરપીસીની કલમ ૧૪૪ લાગૂ કરી દેવાઈ : ઇન્ટરનેટ બંધ



મુંબઇ , તા.૧૪

નાશિક જિલ્લાના માલેગાંવમાં મુસ્લિમ સંગઠનોએ ગઈ કાલે બંધનું એલાન કર્યા બાદ પરિસ્થિતિ વણસતા વધુ પોલીસ કુમક મગાવવામાં આવી છે. અત્યાર સુધીમાં તોફાન પચાવવા બદલ ૧૦ જણની ધરપકડ કરવામાં આવી છે. બંધ દરમિયાન જોરદાર પથ્થરમારો કરવામાં આવતા ત્રણ પોલીસ અધિકારી સહિત એકંદર ૧૦ પોલીસ જવાનો ઘાયલ થયા હતા. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સચિન પાટીલે જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજને આધારે દંગલખોરો અને પથ્થરબાજોને પકડવાની શરૂઆત કરવામાં આવી છે. આ સાથે જ પરિસ્તિતિ કાબૂમાં લેવા માટે વધુ પોલીસ મદદ મગાવવામાં આવી છે.ત્રિપુરામાં થયેલી હિંસાના વિરોધમાં મહારાષ્ટ્રમાં આજે બીજા દિવસે રમખાણો ચાલી રહ્યા છે. રાજયના પાંચ જિલ્લાઓમાં તંગદીલી વ્યાપી છે. એટલે કે આ જિલ્લાઓ હિંસાની આગમાં લપેટાઇ ગયા છે. જેમાં અમરાવતી, નાંદેડ, પરભણી, માલેગાંવ, નાશિકનો સમાવેશ છે. અહી મુસ્લિમ સંગઠનોના દેખાવો બાદ હિંદુ સંગઠનોએ શનિવારે બંધનું એલાન આપ્યું હતું. આ દરમિયાન ટોળાએ વિવિધ સ્થળોએ હંગામો મચાવ્યો હતો. દુકાનોને નુકસાન પહોંચાડયું હતું. વિરોધ ઉગ્ર બનતો જોઇને પોલીસે દેખાવકારો પર લાઠીચાર્જ કરવો

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ ડીઝલ બાદ CNGના ભાવમાં થયેલો મોટો વધારો

### સામાન્ય લોકો ફરી એકવાર મોંઘવારીથી ત્રસ્ત : દિલ્હીમાં ઝદ્રર ની કિંમતમાં ૨.૨૮ રૂપિયાનો વધારો નોઈડા, ગ્રેટર નોઈડા, ગાઝિયાબાદમાં ૨.૫૬નો વધારો

નવી દિલ્હી, તા.૧૪

સામાન્ય લોકો ફરી એકવાર મોંઘવારીથી ત્રસ્ત થયા છે. પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતો વચ્ચે દિલ્હી NCR માં CNG ના ભાવમાં વધારો થયો છે. દિલ્હીમાં ઝદ્રય ની કિંમતમાં ૨.૨૮ રૂપિયાનો વધારો થયો છે. ત્યારે નોઈડા, ગ્રેટર નોઈડા, ગાઝિયાબાદમાં ૨.૫૬ રૂપિયા પ્રતિ કિલોનો વધારો કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે છેલ્લા ૪૫ દિવસમાં સીએનજીના ભાવમાં ત્રીજી વખત વધારો થયો છે. આ વધેલા ભાવ બાદ દિલ્હી NCR ના લોકોના ખિસ્સા પર અસર થઈ છે. ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડે ટ્વીટ કરીને ઝદ્રયના ભાવમાં વધારાની માહિતી આપી છે.




દિલ્હી-દ્રઝઈ માં હવે વધેલી કિંમતો અનુસાર ઝદ્રય મળશે. દિલ્હી-એનસીઆરમાં આ વધારા પછી સીએનજીનો દર ૫૨.૦૪ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે, જ્યારે નોઈડા, ગ્રેહર નોઈડા અને ગાઝિયાબાદમાં તે ૫૮.૫૮ રૂપિયા પ્રતિ કિલોના દરે મળશે. અગાઉ દિલ્હીમાં ઝદ્રય ની કિંમત ૪૯.૭૬ રૂપિયા હતી, જ્યારે નોઈડા, ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદમાં તે ૫૬.૦૨ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળી રહ્યો હતો. હવે આ વધારા બાદ હવે તમારે CNG માટે ૫૨.૦૪ રૂપિયા પ્રતિ કિલો ચુકવવા પડશે.

તમને જણાવી દઈએ કે, ૧ ઓક્ટોબર પછી ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ ત્રીજી વખત CNG ની કિંમતોમાં વધારો કર્યો છે. નોંધનીય છે કે અગાઉ ગયા મહિને ૧ અને ૧૩ ઓક્ટોબરના રોજ પણ કિંમતોમાં વધારો કરવામાં આવ્યો હતો.

છેલ્લા ૪૫ દિવસમાં CNG દિલ્હીમાં કુલ ૬.૮૪ રૂપિયા પ્રતિ કિલો મોંઘો થયો છે. એટલે કે કિંમતોમાં ૧૫ ટકાથી વધુનો વધારો થયો છે. આ સાથે પેટ્રોલ અને ડીઝલ બાદ હવે સીએનજીએ પણ જનતાને રડાવી દીધી છે.

# કેરળમાં ભારે વરસાદની આગાહી

### કેરળમાં ચાલતા અવિરત વરસાદ, હળવા ભૂસ્ખલનના લીધે કેટલાક હિસ્સામાં ટ્રેન સેવા પ્રભાવિત

નવી દિલ્હી , તા.૧૪

દેશની રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણના લીધે ધુમ્મસ છવાયું છે. તેનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૯૯ નોંધાયો છે, જે ગંભીર શ્રેણીમાં આવે છે. દિલ્હીનું ઐતિહાસિક સ્મારક લાલ કિલ્લો, જામા મસ્જિદ સહિત ઘણી મહત્ત્વની ઈમારતો ધુમ્મસની અંદર ઢંકાઈ ગઈ છે. આ ઉપરાંત દેશના કેટલાય વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. કેરળમાં ચાલતા અવિરત વરસાદ, હળવા ભૂસ્ખલનના લીધે કેટલાક હિસ્સામાં ટ્રેન સેવા પ્રભાવિત થઈ છે. પર્વતીય વિસ્તારો, નદીઓના પટ પરના શહેરો અને પ્રવાસ કેન્દ્રો જેવા સ્થળો માટે ચેતવણી જારી કરાઈ છે. તેમા પણ તિરુવનન્તપુરમ માટે ઓરેન્જ એલર્ટ જારી કરાયુ છે.

આ ઉપરાંત કોલ્લમ, પઠનમથિટ્ટા, અલપ્પાઝુહા, કોટ્ટાયમ અને ઈડુક્કી જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. રાજ્યમાં ૧૬ નવેમ્બર સુધી આ પ્રકારની સ્થિતિ રહી શકે છે. તમિલનાડુને ભારે વરસાદે અત્યાર સુધી ધમરોળ્યું છે અને હજી પણ ત્યાં કન્યાકુમારી અને તિરુનેવેલી જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી બાજુએ દિલ્હીમાં પ્રદૂષણના લીધે ધુમ્મસે માઝા મૂકી છે અને આગામી સપ્તાહે ત્યાં પણ ભારે વરસાદ અંગે ચેતવણી આપવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગના પ્રાદેશિક કેન્દ્રના જણાવ્યા મુજબ કન્યાકુમારી અને તિરુનેવેલ જિલ્લામાં ભારે વરસાદ અંગે એલર્ટ આપવામાં આવ્યું છે. જો કે ચેન્નાઈમાં રેડ એલર્ટ હટાવી લેવાયું છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૧૩ અને ૧૪ નવેમ્બરના રોજ દક્ષિણ

## સોનુ સૂદની બહેન માલવિકા રાજકારણમાં ઝંપલાવશે

નવી દિલ્હી, તા.૧૪

બોલિવૂડ એક્ટર સોનુ સૂદની બહેન માલવિકા સૂદ પંજાબ વિધાનસભા ચૂંટણી લડવા જઈ



રહી છે. રવિવારે ખુદ અભિનેતાએ આની જાહેરાત કરી છે. જોકે, તે કયા પક્ષમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરશે તે જાણી શકાયું નથી. અગાઉ એવા અહેવાલ હતા કે, અભિનેતા પોતે પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ શકે છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તેમને દેશ કા મેન્ટર પહેલના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કર્યા હતા.

મોગામાં પોતાના નિવાસસ્થાને આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કહ્યું, 'માલવિકા તૈયાર છે. લોકોની સેવા કરવાની તેમની પ્રતિબદ્ધતા અજોડ છે.

# ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ પાર્ટી એકલા હાથે ચૂંટણી લડશે

### કોઈ પાર્ટી સાથે ગઠબંધન નહીં કરાય : પ્રિયંકા ગાંધી

બુલંદશહેર, તા.૧૪

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ રવિવારે પદાધિકારી પ્રતિજ્ઞા સંમેલનમાં કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી ઉત્તર પ્રદેશમાં એકલી ચૂંટણી લડશે. તેમણે કહ્યું કે, અમે તમામ સીટો પર અમારા દમ પર ચૂંટણી લડીશું. તેમણે કહ્યું કે, અમે અહીં કોંગ્રેસને મજબૂત કરવા આવ્યા છીએ, કારણ કે કોંગ્રેસ આ દેશ માટે ઉભી છે.

આ દરમિયાન તેમણે સત્તામાં રહેલી ભાજપ અને વિપક્ષી પાર્ટીઓ પર હુમલો કર્યો હતો. પ્રિયંકા ગાંધીએ પદાદિકારી સંમેલનને સંબોધિત કરતા કહ્યું- નેહરૂ જીએ કહ્યુ હતુ કે, ભારત માતાની જયના નારામાં કિસાન, મજૂર, મહિલા, શ્રમિક, સૈનિક, એક-એક દેશવાસીની જય છે. ગાંધી, નેહરૂ, પટેલ, આંબેડકર જેવા તમામ સ્વતંત્રતા સેનાનીઓને આઝાદીનો અર્થ ખ્યાલ હતો, તેમને આઝાદીની કિંમત ખબર હતી. જેણે આઝાદી માટે લોહી-પરસેવો વહાવ્યો નથી તેને આઝાદીનો અર્થ સમજાતો નથી.

# આવાસ યોજનાના લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાયા ૭૦૦ કરોડ

અગરતલા, તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે ત્રિપુરાના ૧ લાખ ૪૭ હજારથી વધુ લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં ડીબીટી દ્વારા ૭૦૦ કરોડ રૂપિયા ટ્રાંસફર કર્યા. લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ-યોજના-ગ્રામીણ (સ્છરૂ-ય) હેઠળ તેમના પાકા મકાનો માતે ગ્રાંટ આપવામાં આવશે. લાભાર્થીઓના ખાતામાં સીધા ૭૦૦ કરોડ રૂપિયાની રકમ જમા કરાવવામાં આવી. પીએમ મોદીએ આ કાર્યક્રમને વીડિયો કોન્ફ્રેંસિંગ દ્વારા સંબોધિત કરી. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ બેંક ખાતામાં પહેલો હપ્તો ટ્રાંસફર કર્યા બાદ પીએમ મોદીએ લાભાર્થીઓ સાથે વાત કરી. પ્રધાનમંત્રી આવાસ-યોજના-ગ્રામીણ હેઠળ બેંક એકાઉન્ટમાં પહેલો હપ્તો ટ્રાંસફર કર્યા બાદ પીએમ મોદીએ લાભાર્થીઓ સાથે વાત કરી. પીએમ મોદીએ કહ્યું કે ગત ૭ વર્ષથી અમારો પ્રયત્ન રહ્યો છે કે સરકારની યોજનાનો લાભ

● અનુસંધાન પાન-૭ પર

# ક્રિપ્ટોકરન્સી અને સંબંધિત મુદ્દાઓને લઈ બેઠક યોજાઈ

### ક્રિપ્ટોકરન્સી ને લઈને મોદી સરકાર સતર્ક

નવી દિલ્હી, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્રિપ્ટોકરન્સી અને સંબંધિત મુદ્દાઓ પર એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં એવી જરૂરિયાત અનુભવવામાં આવી હતી કે ઉચ્ચ નફાકારક અને બિનપારદર્શક રીતે જાહેરાતો દ્વારા યુવાનોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો બંધ કરવામાં આવે. બેઠકમાં એ પણ ચર્ચા કરવામાં આવી હતી કે અનિયંત્રિત Crypto માર્કેટને મની લોન્ડરિંગ અને ટેરર ફંડિંગનો સ્ત્રોત બનવાની મંજૂરી આપી શકાય નહીં.

આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી કે, સરકાર જાણે છે કે, આ એક ઉભરતી ટેક્નોલોજી છે, તેથી સરકાર તેના પર ચાંપતી નજર રાખી રહી છે અને આ સંદર્ભે ઘણા જરૂરી પગલાં પણ ઉઠાવશે. આ મામલે સરકારે પ્રગતિશીલ અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને જરૂરી તમામ પગલાં લેવા જોઈએ તેવી પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. સરકાર આ મામલે નિષ્ણાતો અને હિતધારકો સાથે વાત કરવાનું ચાલુ રાખશે. આ મામલો દેશોની સીમાઓમાં બંધાયેલો ન હોઈ શકે, તેથી આ મામલે વૈશ્વિક ભાગીદારીની પણ જરૂર છે.





